# જોક્સ સંગ્રહ



સંકલન

## શ્રી લાલજીભાઇ બી. પંચાલ


મ.શિક્ષક

શ્રી હાથીપુરા પ્રા. શાળા

તા- પાટડી જિ- સુરેન્દ્રનગર

મો.નં- 9427323046

Blog:-laljibhaipanchal.blogspot.in

પતિ :- દાઢી કરતો હોય છે. દાઢી કરતાં કરતાં ગીત ગાતો હોય છે –
બાજીગર ઓ બાજીગર..... તું હૈ બડા જાદુગર.....
પત્ની :- તું છાનામાના દાઢી કર....... (રસોડામાંથી)

.......................................................................

(એક હોય છે, કૂકર અને એક હોય છે, તાવડી)

કૂકર :- તાવડીને કહે છે – "તું કાળી મેશ – કાળી બિલાડી જેવી છે, તૂં કેમ મારી સામે જોયા કરે છે" ?
તાવડી :- તૂં મને આખો દિવસ સીટી માર્યા કરે છે તો શું કરું ? તારા સામા જ જોઉંને !

...............................................................................

(ત્રણ કીડી હોય છે- લાલ, કાળી અને ધોળી. ત્રણેય અરસપરસ વાતો કરે છે)

લાલ અને સફેદ :- કાળીને પૂછે છે –" તું આટલી બધી કાળી કેમ છે"?
કાળી :- હું ગટરમાં રહું છું એટલે.

કાળી અને સફેદ :- લાલને પૂછે છે –"તું આટલી બધી લાલ કેમ છે"?
લાલ :- હું બધાનું લોહી પીવું છું, એટલે.

લાલ અને કાળી :- સફેદને પૂછે છે –"તું આટલી બધી ધોળી કેમ છે"?
સફેદ :- હું ફેર & લવલી લગાવું છું.

( એક હોય છે હાથી અને એક હોય છે કીડી )

બન્ને સંતાકૂકડી રમે છે. કીડી મંદિરની અંદર સંતાઇ જાય છે, હાથી શોધવા નીકળે છે. હાથી કીડીને શોધી કાઢે છે, કીડીને નવાઇ લાગે છે કે હાથીએ મને કેવી રીતે શોધી કાઢ્યો હશે ! એટલે એણે હાથીને પૂછ્યું-તેં મને કેવી રીતે ગોતી કાઢી?

હાથી કહે :- તારા ચંપલ બહાર પડ્યાં હતાં. એ મેં જોઇ લીધાં એટલે નક્કી કર્યું કે તું મંદિરમાં જ હોય. !

........................................................................................

(એક શિક્ષિકાબેન વર્ગમાં પ્રશ્ન પૂછે છે )

શિક્ષિકા :- સવારમાં અને સાંજમાં શું તફાવત છે ?

એક છોકરો :- સવારમાં ટીચર લાફો મારે અને સાંજે મમ્મી લાફો મારે !

........................................................................................

( એક તપેલી અને એક કૂકર હોય છે )

કૂકર :- તપેલી ને કહે છે “હાય હાય તું કેવી કાળી છે?”

તપેલી :- ભલે હું કાળી હોઉં – તોય તું રોજ મને સીટી મારે છે કે નઇં ?”

........................................................................................

(હોસ્પિટલમાં એક બાળકનો જન્મ થાય છે, જન્મ થતાં જ તે ડોક્ટરને કહે છે)

બાળક :- ડોક્ટર સાહેબ, પ્લીઝ. તમારો મોબાઇલ આપોને !

ડોક્ટર તો આ સાંભળીને ડઘાઇ ગયા, ત્યાં પેલુ બાળક બોલ્યું.- જોયા શું કરો છો ? મોબાઇલ આપો એટલે ભગવાનને મિસ-કોલ મારીને જાણ કરી દઊં કે હું પહોંચી ગયો છું !.

........................................................................................

એક હાથી તળાવમાં નહાતો હતો, ત્યાં એક ઉંદર આવ્યો. એણે હાથીને કહ્યું.

ઉંદર :- એય હાથી. બહાર આવ.

હાથી :- શું કામ છે ?

ઉંદર :- તું બહાર આવને. (હાથી તો બહાર આવ્યો)

ઉંદર :- હવે અંદર વયો જા.

હાથી :- કામ નહોતું તો શું કામ બોલાવ્યો ?

ઉંદર :- મારે જોવું હતું કે મારી ચડ્ડી પહેરીને તો નથી ન્હાતો ને?

................................................................................

એક હતો કનુ અને એક હતો મનુ. બન્ને વાતો કરતાં કરતાં હતાં.

કનું :- મારા પપ્પાનો કોઇ વાળ વાંકો ન કરી શકે !

મનું :- કેમ ?

કનું :- એમને માથે ટાલ છે.

.....................................................................................

એકવાર એક ડોશીમાં રસ્તામાં ડગુમગું ચાલતાં જઇ રહ્યાં હતાં. એવામાં બે આતંકવાદીઓ મોટરસાઇકલ પર નીકળ્યાં અને રસ્તામા એક ટાઇમર બોમ્બ ફેંકીને જતાં રહ્યાં.

લોકોની નજર પડી એટલે બધાં બૂમો પાડવાં લાગ્યાં.– “ડોશીમાં બોમ્બ છે ! ડોશીમાં બોમ્બ છે?”

ત્યાં ડોશીમાં સ્માઇલ આપીને કહે છે “મૂઆઓ, હવે બોલો છો ?બોમ્બ તો હું ૪૦ વરસ પહેલાં હતી. !

.........................................................................................

હાથી અને કીડીનો જોક્સ

એક દિવસ હાથી ઘરમાં પોતું કરતાં કરતાં અચાનક રડવાં માંડ્યો. એની મમ્મી પૂછવા લાગી- " બેટા કેમ રડે છે?"

હાથી કહે છે- મમ્મી જોને હું પોતુ કરૂં છુ ને આ કીડી પગલાં પાડે છે.

................................................................................................

એક મંદિર હતું. ત્યાં ચમત્કાર થતો હતો. ચમત્કાર એવો થતો હતો કે જો કોઇની નિયત ખરાબ હોય તો તે અંદર જાય પછી અદ્રશ્ય થઇ જાય.

એ મંદિરમાં સલમાન ગયો.- અદ્રશ્ય થઇ ગયો.

સૈફ અલીખાન ગયો – અદ્રશ્ય થઇ ગયો.

આમીરખાનગયો – અદ્રશ્ય થઇ ગયો.

મલ્લિકા શેરાવત ગઇ – પૂજારી અદ્રશ્ય થઇ ગયો.

................................................................................................

રેલ્વે સ્ટેશન પર એક ચા વાળો એક સુંદર યુવતીને જોઇ ગાવા લાગ્યો.

ચા વાળો :- ભોલી સી સૂરત આંખોમેં મસ્તી દૂર ખડી શરમાયે....આયે...હાયે....

યુવતી :- કાલી સી સૂરત.. હાથોં મે કિટલી...દૂર ખડા ચિલ્લાયે....ચાયે.....ચાયે....

................................................................................................

(ગુજરાતી પ્રજા વેપારી હોય છે.)

એક ટ્રેનમાં ગુજરાતી કાકા અને એક ચીની મુસાફર પાસપાસે બેઠા હતાં. રાતનો સમય હતો. ગાડી ધીમે ધીમે ચાલી રહી હતી.

એવામાં એક મચ્છર ઉડતું ઉડતું આવીને ચીનાના ગાલ ઉપર બેઠું. ચીનીએ તરત જ એને પકડી લીધું. અને પટ્ટ કરતુ મોંમા મૂકી ખાઇ ગયો.

થોડીવાર પછી બીજું એક મચ્છર ઉડીને આવ્યું ને ગુજરાતી કાકાના હાથ ઉપર આવીને બેઠું. કાકાએ એ મચ્છરને મુઠ્ઠીમાં પકડી લીધું. પછી ચીનાને કહ્યું - બોલ ખરીદવું છે ?

................................................................................................